અનુસૂચિત જાતિની કન્યાઓ કે જેના વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ હોય તેવી કન્યાઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના **(BCK-5)** હેઠળ ફ્રીશીપકાર્ડ આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/ASO/e-file/17/2022/2135/G

સચિવાલય, ગાંધીનગર

તા.૧૩/૦૯/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક : અજાક/૧૦૨૦૧૭/૭૧૪૨૩૪/ન.બા-૨૮/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૨/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક : અજાક/૧૦૨૦૧૧/ન.બા-30/ગ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક : અજાક/૧૭૨૦૨૨/૦૦૦૧/ન.બા-૪૮/ગ

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૦૮/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક : **SJED/ASO/e-file/17/2022/2162/G**

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૭/૦૮/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૬/૨૦૨૪-૨૫/૨૭૮૭

આમુખ:

આ વિભાગ હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે કેંદ્ર પુરસ્કુત પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. જેની ગાઈડલાઈન ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે. જે મુજબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે. ભારત સરકારની ગાઈડલાઈન મુજબ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે વાર્ષિક આવકમર્યાદા રૂ.૨.૫૦ લાખ છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) અને (૨) પરના ઠરાવોથી અનુસૂચિત જાતિની કન્યાઓ કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ અને રૂ.૬.૦૦ લાખ સુધી હોય તેઓને ભારત સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઈડલાઈન મુજબ રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના **(BCK-5)** હેઠળ લાભ આપવામાં આવે છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના ઠરાવથી **SCW-6 (BCK-5)** રૂ.૬.૦૦ લાખથી વધુ આવક ધરાવતાં કુટુંબની અનુસૂચિત જાતિની કન્યાઓને પણ ટ્યુશન ફી ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે. આમ, અનુસૂચિત જાતિની કન્યાઓ કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ હોય તેવી તમામ કન્યાઓને રાજ્ય સરકારશ્રીની રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના **(BCK-5)** મુજબ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક : (૪) પરના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ માટેની કેંદ્ર પુરસ્કુત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ફ્રીશીપકાર્ડનો લાભ આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૫) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા અનુસૂચિત જાતિની કન્યાઓ કે જેના વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ હોય તેવી કન્યાઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના **(BCK-5)** હેઠળ ફ્રીશીપકાર્ડ આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિની કન્યાઓ કે જેના વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ હોય તેવી કન્યાઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના **(BCK-5)** હેઠળ જિલ્લા કચેરીઓ પાસેથી મેળવેલ ફ્રીશીપકાર્ડ સંસ્થાને રજૂ કરીને સંસ્થામાં એડમીશન લેતી વખતે શિક્ષણ ફી ભરવી ન પડે તે માટે સદરહુ યોજના અંતર્ગત ફ્રીશીપકાર્ડ આપવાનું ઠરાવવામાં આવે છે. ફ્રીશીપકાર્ડનો નમુનો આ સાથે સામેલ રાખવામાં આવેલ છે.

આ યોજનાનો અમલ કેંદ્ર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના મુજબ થતો હોઈ, આ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી વખતો વખત ગાઇડલાઇનની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

સદરહુ ઠરાવ સમાન ક્રમાંકની ફાઈલ ઉપર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૧૧/૦૯/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign

Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Reason: Social Justice and Empowerment Department
Location: Government of Gujarat
Date: 13-Sep-2024 (06:49 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક:નં ૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૧૩/૦૯/૨૦૨૪ના ઠરાવ
## ક્રમાંક: SJED/ASO/e-file/17/2022/2135/G સાથેનું બિડાણ

**"અનુસૂચિત જાતિની કન્યાઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (BCK-5)" અંતર્ગત વખતો વખતની સુધાર્યા મુજબની ગાઇડલાઇન મુજબ સરકાર માન્ય સ્વનિર્ભર (સેલ્ફ ફાઇનાન્સ) સંસ્થાઓ/કોલેજોમાં અભ્યાસ કરતી અનુસુચિત જાતિની કન્યાઓ માટે ફ્રીશીપકાર્ડ :**

આથી દાખલો આપવામાં આવે છે કે શ્રીમતી/કુ. ........................................................................રહે. ............... તા. ........................ જિ. ........................ ના ધર્મે .......................... અને જાતે ...................................... છે, જે જાતિને સરકારશ્રીએ અનુસુચિત જાતિ તરીકે માન્ય કરેલ છે તથા વિદ્યાર્થીની તરફથી રજુ કરવામાં આવેલ માહિતી અનુસાર તેમના મા-બાપ/વાલીની સને. ................... ની વાર્ષિક આવક રૂપિયા .............................. (...........................................................................) છે.

વિદ્યાર્થીની શૈક્ષણિક વર્ષ ..................... માં .................................... અભ્યાસક્રમમાં દાખલ થવા માંગે છે તેઓને દાખલ કરવા ભલામણ છે. જો વિદ્યાર્થીની કોર્ષ બદલે તો તેઓએ અગાઉથી સંબધિત જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની મંજુરી લેવાની રહેશે.

આ કાર્ડ ફક્ત એક કોલેજ/સંસ્થા માટે માન્ય છે. વિદ્યાર્થીની જે કોલેજમાં દાખલ થવાનું નક્કી કરે તે જ કોલેજમાં આ કાર્ડ આપે અને આ કાર્ડ એક અભ્યાસક્રમ માટે એક જ વાર લેવાનુ રહેશે. જે વિદ્યાર્થીની આ કાર્ડ મેળવી કોલેજ/સંસ્થામાં પ્રવેશ મેળવે તેણે નિયમોનુસાર **Digital Gujarat Portal** પર અથવા સરકારશ્રી નક્કી કરે તે મુજબ શિષ્યવૃતિ મેળવવા બાબતનુ ફોર્મ "(BCK-5) Post Matric Scholarship for SC girls student only (Having annual family income more than 2.50 Lac)(State Government Scheme) **(FreeShip Card Student Only)** " યોજનામાં ભરવાનુ રહેશે.

"અનુસૂચિત જાતિની કન્યાઓને રાજ્ય સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના(**BCK-5**)" ના વખતો વખતના ધારાધોરણ ધ્યાને લઇ વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે જે વિદ્યાર્થીની/સંસ્થાને બંધનકર્તા રહેશે.

ઉક્ત યોજનાનો અમલ કેંદ્ર સરકારશ્રીની યોજના મુજબ કરવામાં આવે છે જેથી નવી ગાઇડલાઇન મુજબ વર્ષ:૨૦૨૧-૨૨થી શિક્ષણફી સહિતની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીનીના ખાતામાં જ જમા કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીનીએ શિષ્યવૃત્તિ મળ્યેથી ૭ કામકાજના દિવસની અંદર પોતાની કોલેજ/સંસ્થાને ચુકવવા પાત્ર ફી ફરજિયાત ચુકવી દેવાની રહેશે. જો વિદ્યાર્થીની આવી ફી સમયમર્યાદામાં નહિ ભરે તો સંબધિત કોલેજ/સંસ્થા વિદ્યાર્થીની સામે નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે.

નંબર :
તારીખ :

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
જિ..............................

### વિદ્યાર્થીનીએ આપવાની બાંહેધરી

આથી હુ બાંહેધરી આપુ છું કે આવક / જાતિ તેમજ આ કાર્ડ મેળવવા માટેની અરજીમાં મે જે વિગતો રજુ કરી છે તે જો ખોટી ઠરશે અથવા બીજા કોઇ પણ કારણસર જો હુ શિષ્યવૃત્તિને પાત્ર ન ઠરુ તો તમામ શિષ્યવૃત્તિ સરકારશ્રીમાં પરત જમા કરીશ તેમજ અમારી સામે જે નિયમોનુસાર પગલા લેવામાં આવશે તેને હું બંધનકર્તા રહીશ. વધુમાં શિષ્યવૃતિનુ ફોર્મ **Digital Gujarat Portal** પર અથવા સરકારશ્રી નક્કી કરે તે મુજબ નિયમોનુસાર ભરવાનુ છે તેની મને જાણ છે તેમજ શિષ્યવૃત્તિ મળ્યેથી ૭ કામકાજના દિવસમાં અમો કોલેજ/સંસ્થામાં ભરવી પડતી ફી કોલેજ/સંસ્થામાં ભરવા બાંહેધરી આપીએ છીએ. જો અમો આવી ફી સમયમર્યાદામાં કોલેજ/સંસ્થામાં નહિ ભરીએ તો સંબધિત કોલેજ/સંસ્થા અમારી સામે નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે જેની અમોને જાણ છે.

તારીખ:

વિદ્યાર્થીનીની સહી